BAOU Education for All
|| चैतन्य ||
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# વઢવાણની પ્રજામાં રાષ્ટ્રીય ભાવના કેળવવામાં રાષ્ટ્રીયશાળાનું યોગદાન

**HITESHKUMAR KHUSHALBHAI PARMAR**
M.A., MPHIL, M.ED., GSET
Ph.D. SCHOLAR
Department of History
Maharaja Krishnakumarsinhji Bhavnagar University

**GUIDE**
DR. RAJESHKUMAR M. JADAV
Head & Assistant Professor
Department of History
Kavishree Botadkar Arts and Commerce College,
Botad

❖ **સારાંશ:**

ગાંધીજીના આગમન પછી ભારતમાં વ્યવસ્થિત અને શાંતિમય રીતે અન્યાયી અંગ્રેજી શાસન સામે ન્યાયી આંદોલનો શરુ થયા એમ ઈતિહાસકારો જણાવે છે .આ સમયે ગાંધીજી દ્વારા અસહકારના આંદોલનોના ભાગરૂપે રચનાત્મક અને ખંડનાત્મક પ્રવૃતિઓ શરુ થઈ હતી .જેના પરિણામે દેશ અને ખાસ ગુજરાતમાં રાષ્ટ્રીય શિક્ષણ આપનારી સંસ્થાઓની સ્થાપના થઇ હતી જેના પડઘા સૌરાષ્ટ્રમાં પણ પડતા ત્રણ રાષ્ટ્રીય શાળાઓની સ્થાપના કરવામાં આવી હતી .આ રાષ્ટ્રીય શાળાઓમાં શિક્ષણ સાથે લોકોમાં જાગૃતિ લાવવી તથા રાષ્ટ્રીય ભાવના કેળવાય એવી પ્રવૃતિઓ પણ કરવામાં આવતી હતી .વઢવાણમાં પણ ઈ.સ .૧૯૨૦-૨૧માં ફૂલચંદભાઈ શાહ દ્વારા ગાંધીજીની પ્રેરણાથી રાષ્ટ્રીય શાળાની સ્થાપના કરવામાં આવી હતી શરૂઆતમાં તે વઢવાણમાં રાંકાના ડેલામાં બેસતી પછી ઈ.સ . ૧૯૨૫માં તેને નવા બનાવેલા મકાનમાં ફેરવવામાં આવી હતી)જે આજે ઘરશાળા નામે જાણીતી છે .(.આ રાષ્ટ્રીયશાળાએ પણ સ્થાનિક પ્રજામાં રાષ્ટ્રીય ભાવના કેળવવામાં મહત્વનું યોગદાન આપેલ હતું .જેમાં અન્ય શાળાઓમાં ચાલતા  અભ્યાસક્રમ કરતા અલગ જ અભ્યાસક્રમ ચાલતો હતો મહાભારત અને રામાયણનો અભ્યાસ પણ કરાવવામાં આવતો હતો .ઉપરાંત એક ભજન મંડળી પણ બનવી હતી જે ગામો ગામ પ્રભાતફેરી કરતા , પત્રિકાઓની વહેચણી કરતા ,જાહેરસભાનું આયોજન તથા રાષ્ટ્રીય વ્યક્તિઓની જન્મજયંતિ ઉજવતા તેમજ રાષ્ટ્રીય ભાવનાથી સભર ગીતોની રચના જે ફૂલચંદભાઈ દ્વારા કરવામાં આવેલ તે શિક્ષકો તથા વિદ્યાર્થીઓ ગાયન કરતા અને બીજાને પણ ગાયન માટે પ્રોત્સાહિત

કરતા હતા એ સિવાય પ્રાદેશિક અને રાષ્ટ્રીય ચળવળોમાં ભાગ પણ લેતા .વઢવાણની રાષ્ટ્રીયશાળા એ સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આંદોલનો માટેની રૂપરેખા ઘડવાનું તથા સૌરાષ્ટ્રની રાષ્ટ્રીય લડતો માટેની છાવણી પણ બની હતી .આમ ,તેણે વઢવાણની પ્રજમાં રાષ્ટ્રીય ભાવના કેળવવામાં મહત્વની ભૂમિકા બજાવી હતી.

**૧. પ્રસ્તાવના:**

ગાંધીજીના ભારત આગમન પછી એક વ્યવસ્થિત અને શાંતિમય રાષ્ટ્રીય ભાવના લોકોમાં જાગૃત થઈ એમ આપણે તેમના દ્વારા થયેલ રાષ્ટ્રીય આંદોલનોનો અભ્યાસ કરતા જાણી શકીએ છીએ. ગાંધીજી દ્વારા થયેલ અસહકારનું આદોલન બે પ્રવૃતિઓથી વિભાજીત હતું એક રચનાત્મક પ્રવૃત્તિ અને બીજી ખંડનાત્મક પ્રવૃત્તિ જેમાં રાષ્ટ્રીય શિક્ષણ આપતી સંસ્થા સ્થાપવી , અસ્પૃશ્યતા નિવારણના કાર્યક્રમો કરવા, અંગ્રેજ સરકાર તરફથી મળેલ બહુમાનોનો ત્યાગ કરવો, સરકારી હોદ્દાનો ત્યાગ કરવો વગેરે બાબતો થકી આ આંદોલનને રાષ્ટ્રવ્યાપી બનાવ્યું હતું. જે દરમ્યાન રાષ્ટ્રીય શિક્ષણના સંદર્ભે અનેક શાળા-સંસ્થાઓ સ્થપાઈ હતી. સૌરાષ્ટ્રમાં પણ ત્રણ રાષ્ટ્રીયશાળાઓ શરુ કરવામાં આવી હતી. આ રાષ્ટ્રીયશાળાઓએ શિક્ષણની સાથે રાષ્ટ્રીય ભાવના અને લોકજાગૃતિ પણ કેળવવાની કામગીરી હાથ ધરી હતી. તેમજ સમાજમાં વ્યાપેલા દૂષણો દૂર કરવા, લોકોને અંધશ્રદ્ધામાંથી બહાર લાવવા જેવી પ્રવૃત્તિ પણ કરેલ તથા રાષ્ટ્રીય લડતો માટે યુવાધનને તૈયાર કરી સ્થાનિક કક્ષાએ વિવિધ રાજકીય પ્રવૃતિઓ પણ કરેલ હતી એ રીતે આ રાષ્ટ્રીયશાળાઓ દ્વારા આપવામાં આવતું શિક્ષણ એ લોકોમાં રાષ્ટ્રીય ભાવના કેળવવાનું કામ કર્યું હતું. તત્કાલીન વઢવાણ રાજ્યમાં સ્થપાયેલ રાષ્ટ્રીયશાળાના શિક્ષકો, કાર્યકરો તથા વિદ્યાર્થીઓએ પણ વિવિધ રાષ્ટ્રીય લડતો તથા કાર્યક્રમો કરી વઢવાણની પ્રજામાં રાષ્ટ્રીય ભાવનાનો પ્રાદુર્ભાવ કરી તેને કેળવી હતી.

**૨. વઢવાણની પ્રજામાં રાષ્ટ્રીય ભાવના કેળવવામાં રાષ્ટ્રીયશાળાનું યોગદાન :**

વઢવાણમાં રાષ્ટ્રીય શાળાની સ્થાપના પૂર્વે પણ અનેક મહાનુભાવોએ વઢવાણની પ્રજામાં લોકજાગૃતિ, સમાજસેવા અને રાષ્ટ્રીય ભાવના કેળવવાના પ્રયત્નો કરેલા છે. તેમાં મોતીભાઈ દરજીનો મહત્વનો ફાળો રહ્યો છે. જેમણે પાયારૂપ કામ કર્યું ગણાય કારણ કે એ સમયે તેમણે સૌપ્રથમ વઢવાણમાં પુસ્તકાલય પ્રવૃત્તિ શરુ કરી હતી જેના દ્વારા વઢવાણના વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય ભાવના જગાડવાનું તેમજ તેમનું ચારિત્ર્ય ઘડતર કરવાનું કામ કર્યું હતું. આ ઉપરાંત સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ દ્વારા પ્રથમ એકતા સ્થાપવાનો પ્રયત્ન પણ કર્યો હતો. વઢવાણને ગાંધીજી જેવા રાષ્ટ્રીય નેતાનો લાભ મળ્યો તે પાછળ પણ મોતીભાઈ દરજી જ હતા. રાષ્ટ્રીયશાળાના પાયા સમાન રહેલી ત્રિપુટી એવા ફૂલચંદભાઈ શાહ, ચિમનભાઈ વૈષ્ણવ અને શિવાનંદ સ્વામી(શિવલાલ

પરીખ)ના ઘડતરમાં આ મોતીલાલ દરજીનું જ યોગદાન હતું. જેથી રાષ્ટ્રીય શાળાના પાયારૂપ બનેલી આ ત્રિપુટીએ ગાંધીજીની પ્રેરણાથી વઢવાણની પ્રજામાં રાષ્ટ્રીય ભાવના પ્રબળ બનાવવા વિવિધ પ્રવૃતિઓ આદરી હતી.

અંગ્રેજોની ગુલામી વઢવાણના જાગૃત નાગરિકો માટે અસહનીય હતી તેથી ગાંધીજીના માર્ગદર્શન હેઠળ વઢવાણના યુવાનોમાં રાષ્ટ્ર પ્રત્યે પ્રેમ, સમર્પણની ભાવના જન્મે એ હેતુએ વઢવાણમાં સ્વદેશી શિક્ષણ મેળવી શકે અને રાષ્ટ્રના સ્વતંત્રતા માટે કટિબદ્ધ બને એવા યુવાધન તૈયાર કરવાના હેતુથી વઢવાણમાં રાષ્ટ્રીય શિક્ષણનો પાયો રાષ્ટ્રીય શાળા સ્થાપી કર્યો. આ રાષ્ટ્રીય શાળાના વિકાસમાં ઘણા સ્વાતંત્ર્ય સેનાનીઓએ મહત્વનો ફાળો આપ્યો હતો તેમાં ફુલચંદભાઈ, ચિમનભાઈ, શિવાનંદજી વગેરે મહત્વનું યોગદાન આપેલ. તેથી તેમનો પરિચય પણ અહી આપવો જરૂરી બંને છે.

- **ફુલચંદભાઈ શાહ**

તેમનો જન્મ એક ગર્ભશ્રીમંત પરિવારમાં પિતા કસ્તુરચંદ નાથાભાઈ અને માતા અમૃતબહેનને ત્યાં ઈ.સ.1895ના માર્ચમાં 2જી તારીખે થયો હતો. તેમના પિતા અનાજનો વેપાર કરતાં તે પેઢીનું નામ 'નાથુ માણકા" હતું. તેઓ લાડકોડથી ઉછરેલા હતા. પ્રથમથી જ તેઓ શારીરિક રીતે નબળા હોવા છતાં પણ એમના પછીના કાર્યોથી એમની શક્તિનો ખ્યાલ આપણને આવી જ જાય છે. તેઓએ પ્રાથમિક શિક્ષણ વઢવાણમાં આવેલી વજેરામ પંડ્યાની ગુજરાતી ખાનગી શાળામાં લીધું હતું. ત્યારબાદ અંગ્રેજી પહેલું ધોરણ(આજનું પાંચમું ધોરણ)માં વઢવાણ કેમ્પ(આજનું સુરેન્દ્રનગર)માં અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસ દરમ્યાનની એક ઘટના જ તેમના જીવનનો પ્રથમ સત્યાગ્રહ અને તેમાં મેળવેલ નાના વિજય તરીકે ઓળખાય છે એ ઘટના અનુસાર "અંગ્રેજી પહેલું ધોરણ હેડમાસ્તર દ્વારા ચલાવાતું જેઓ વિધાર્થીને મળતો મધ્યાંતરનો સમય પણ શિક્ષણકાર્યમાં લઈ લેતા જેથી ઘણા વિદ્યાર્થીઓને નાસ્તો પણ કરવાનો સમય મળતો નહીં માટે ફુલચંદજીએ બધા વિદ્યાર્થીઓને એકત્ર કરી નક્કી કર્યું કે આપણે જ્યારે પણ મધ્યાંતર માટે છૂટીએ ત્યારે મધ્યાંતરનો પૂર્ણ સમય થાય ત્યાં સુધી વર્ગમાં દાખલ નહીં થઈએ જેથી એમ જ બન્યું અને હેડમાસ્તરે બધાને પાટલી પર ઊભા રહેવાની તથા 1 આનાની સજા કરી જે બાબતે પાટલી પર દરેક વિદ્યાર્થીઓ ઊભા રહ્યા પણ દંડની રકમ ન આપી જે અંગે પછીથી પણ કોઈ પગલાં લેવામાં આવ્યા નહીં" આમ, તેઓમાં સત્યાગ્રહના બીજ અહીથી સ્થાપિત થયા એવું આપણે કહી શકીએ છીએ. આ અંગ્રેજીના અભ્યાસ પછી તેમણે રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં અભ્યાસ ઈ.સ. 1909માં પ્રવેશ મેળવ્યો એ બે વર્ષ દરમ્યાન રાજકોટમાં રહી

અભ્યાસ સાથે તેમના નામે ચાલુ કરેલ રાજકોટની અનાજ વેપારની પેઢીનું કામ પણ કર્યું આ દરમ્યાન તેમની પ્રકૃતિના બે ચાર મિત્રો પણ બનાવ્યા હતા જેઓ અભ્યાસમાં જ વધુ રસ લેતા આ ઉપરાંત તેમણે મેટ્રિક પ્રથમ પ્રયત્નએ પાસ કરી લીધી હતી. ત્યાર પછી તેમણે કૉલેજ શિક્ષણ માટે ભાવનગર શામળદાસ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો હતો. અને બહેન-બનેવીનું ઘર હોવા છતાં તેમણે દાદા સાહેબ વિદ્યાર્થી ગૃહમાં રહી અભ્યાસ શરૂ કર્યો હતો. તેમના અભ્યાસ દરમ્યાન જ પિતાના અવસાન થતાં વેપાર-ધંધો ભાંગી ગયો. છતાં તેમને પોતાનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. આગળ ઇંટરના અભ્યાસ માટે પૂનાની ફર્ગ્યુસન કૉલેજમાં અભ્યાસ કર્યો એ દરમ્યાન તેમના ગણિતના અધ્યાપક પરાંજપે જેવા રાષ્ટ્રભાવના સભર વ્યક્તિત્વના સંપર્કમાં  આવ્યા હતા તેમજ લોકમાન્ય તિલકના રાષ્ટ્રીય વિચારોથી પ્રેરાયા હતા. ઈ.સ. 1914માં મુંબઈની વિલ્સન કોલેજમાં 19 વર્ષની વયે બી.એ. અભ્યાસક્રમ જોડાયા હતા તે પુરો કરી પરિવારની જવાબદારી માટે વઢવાણની હાઈસ્કૂલના હેડમાસ્તર શ્રી કાલિદાસભાઈ શાહની ભલામણથી શિક્ષક તરીકે જોડાયા હતા(જૂન 1916) પરંતુ અહીં ઠાકોરસાહેબની ખુશામત કરવાની હોય છોડી દઈ ઈ.સ. 1917માં ગાંધીજીના આશ્રમમાં સમગ્ર પરિવાર સાથે જોડાયા હતા. આશ્રમ વાસ દરમિયાન તેઓ દતાત્રેય કાલેલકર(કાકાસાહેબ કાલેલકર), કિશોરીલાલ મશરૂવાલા, પ્રાણજીવનદાસ મહેતા, પૂંજાભાઈ વગેરે સેવકોના સંપર્કમાં  આવ્યા હતા. પછી ગાંધીજીની પ્રેરણા થકી તેમણે વઢવાણમાં રાષ્ટ્રીય શાળાનો પાયો નાખ્યો હતો (1 ઓક્ટોબર 1918). જેના થકી તેમણે બાળકોના પાયાનું ઘડતર થાય તેવી પ્રવૃત્તિ આદરી. ઉપરાંત ગાંધીજીના પંચાંગી કાર્યક્રમની પ્રવૃતિ પણ આરંભી હતી(પંચાંગી પ્રવૃતિઓ- સ્વદેશી પ્રચાર, હિન્દુ-મુસ્લિમ એકતા, અપૃશ્યતા નિવારણ, દારૂબંધી, રાષ્ટ્રીય શિક્ષણ). એમાં પછીથી શિવાનંદજી, ચિમનભાઈ પણ જોડાયા અને આમ આ સંસ્થામાં સાત ધોરણ સુધીના વર્ગો પણ શરૂ કરવામાં આવ્યા હતા. અહીં બાળકો ના પાયાના ઘડતર સાથે પ્રાચીન શિક્ષણના અંગો સમાન હિન્દી, ઇતિહાસ જેવા વિષયોની સાથે ઉદ્યોગ લક્ષી શિક્ષણ આપવામાં આવતું હતું. ઈ.સ. 1921ની કાઠીયાવાડ પરિષદમાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. ઈ.સ. 1922માં સરધાર શિકાર સત્યાગ્રહ, નાગપુર ઝંડા સત્યાગ્રહમાં  જોડાતા એક વર્ષની જેલની સજા પણ ભોગવી હતી. ઈ.સ. 1925માં તેઓ કાઠીયાવાડ રાજકીય પરિષદના  મંત્રી તરીકે કામગીરી કરી હતી. ઈ.સ. 1926-27માં કાઠીયાવાડ સત્યાગ્રહ દળની સ્થાપના કરી હતી. ઈ.સ. 1928માં  બારડોલી સત્યાગ્રહમાં જોડાયા હતા. તેમણે ગીતો, જોડકણા જોડીને આ સત્યાગ્રહમાં  લોકોમાં વીરતા પ્રેરી હતી. ઈ.સ. 1930માં  મીઠાના સત્યાગ્રહમાં 55 સ્વાતંત્ર્ય સૈનિકો સાથે વિરમગામ ગયા હતા. આ દરમ્યાન 6 માસની સજા પણ ભોગવી હતી. તેમણે વઢવાણમાં  પિકેટિંગ મંડળની રચના

પણ કરી હતી જે દ્વારા મોરબી, વઢવાણ તેમજ ભાવનગરમાં વિદેશી કાપડની દુકાનો અને દારૂના પીઠાઓ ઉપર પિકેટિંગની પ્રવૃતિ હાથ ધરી હતી જે માટે જેલવાસ પણ ભોગવ્યો હતો. ઈ.સ. 1937માં રાજકોટમાં  કાઠીયાવાડ રાજકીય પરિષદના અધિવેશનમાં હાજર રહ્યા હતા. તે દરમ્યાનના સત્યાગ્રહમાં જોડાતા તેમની ધરપકડ થઈ હતી. ત્યારબાદ  તેઓની તબિયત ક્ષયના રોગથી વધુ બગાડતાં ઈશ્વર સ્મરણ સાથે તેમણે 30, ઑગસ્ટ, 1941ના રોજ દેહ છોડ્યો હતો.

- **ચિમનભાઈ વૈષ્ણવ**

ચિમનભાઈ વૈષ્ણવ **વઢવાણની રાષ્ટ્રીયશાળા, શૈક્ષણિક અને સેવાભાવી પ્રવૃત્તિના પ્રાણ હતા. તેમના પરગજું સ્વભાવ, ત્યાગશીલતા, શ્રમિક સેવાભાવી પ્રવૃત્તિના લીધે ગાંધીજીએ તેમને વાસ્તવિક અર્થમાં ‘વૈષ્ણવ’ તરીકે બિરદાવ્યા હતા.** તેમનો જન્મ 29/05/1897 ના રોજ વઢવાણ ખાતે થયો હતો. મતાપિતા તરફથી મળેલ સાદગી, સાચ્ચાઈ અને સેવાના વારસાનો અમલ વિદ્યાર્થી અવસ્થાથી જ કર્યો હતો. જે મોતીભાઈ દરજીના સંસર્ગમાં આવતા પુષ્ટ થયો હતો. તેઓ વિદ્યાર્થી તરીકે અભ્યાસમાં શ્રેષ્ઠ હતા માટે અન્ય વિદ્યાર્થીઓને અભ્યાસમાં મદદરૂપ બનતા હતા. મોતીભાઈ દરજી દ્વારા શરૂ કરાયેલ ધર્મપુસ્તકાલય થકી તેમણે વઢવાણના યુવકો અને  યુવતીઓને શિષ્ટ વાંચન કરતાં કર્યા હતા.વળી, મોતીભાઈની પ્રત્યેક સેવા પ્રવૃત્તિમાં તેઓ આગળ રહેતા હતા. આમ તરુણાવસ્થાથી જ તેમનામાં  સેવાભાવી જીવન ઘડતર થયું હતું તથા રાષ્ટ્રીય રંગે રંગાયા હતા. તેમણે મેટ્રીક સુધીનો અભ્યાસ વઢવાણમાં પૂરો કર્યા બાદ તેમણે કૉલેજ શિક્ષણ માટે તેઓ ભાવનગરની શામળદાસ કૉલેજમાં પ્રવેશ લીધો હતો. કૉલેજના લૉન લઈને અભ્યાસ કરેલ હતો તે દરમ્યાન છાત્રાલયમાં કૉલેજના ભોજનનો ખર્ચ પરવડે તેમ ન હોઈ જાતે રસોઈ બનાવતા હતા. આમ આર્થિક નિર્બળતામાં બી.એ.નો અભ્યાસ પૂર્ણ કરી ડિગ્રી મેળવી હતી. તેથી લૉન ભરપાઈ કરવા માટે તેમણે મુંબઈમાં શાંતાક્રૂઝ ગુરુકુળમાં શિક્ષક તરીકે જોડાયા હતા. લૉન ભરપાઈ થઈ જતાં વઢવાણ આવી ફુલચંદભાઈ શાહ સાથે રાષ્ટ્રીય શાળામાં આચાર્ય તરીકે સેવા બજાવી હતી. તેમણે રાતદિવસ વિદ્યાર્થીઓના ચારિત્ર્ય ઘડતરના કામમાં મશગૂલ બની ગયા હતા જેના પરિણામે તેમની આસપાસ ચારિત્ર્ય સંપન્ન યુવાનોનું એક વર્તુળ ઊભું થયું હતું. તેમના આચાર્ય પદે શાળાનો રાષ્ટ્રીય ઢબે ઝડપથી વિકાસ થયો હતો. તેમની શિક્ષણનિષ્ઠા અને સેવાભાવથી પ્રભાવિત થઈ વઢવાણ રાજ્યના દીવાન દ્વારા માસિક રૂપિયા 250ના પગારથી રાજ્યના શિક્ષણાધિકારી તરીકે નિયુક્ત કરવાનું કહેણ મોકલાયું હતું. જેનો તેમણે અસ્વીકાર કરેલો તથા માસિક રૂપિયા 25ના પગારે રાષ્ટ્રીયશાળામાં પોતાનું શિક્ષણકાર્ય શરૂ રાખ્યું હતું. ઈ.સ. 1925માં બાલમંદિરને

સુવ્યવસ્થિત શરૂ કરવામાં તેમનું મહત્વનુ યોગદાન રહેલું છે. જે માટે તેઓએ મોન્ટેસરી પદ્ધતિ અમલ માટે પ્રથમ ભાવનગર દક્ષિણમૂર્તિમાં તે અંગે તાલીમ લીધી હતી. તેમણે શિક્ષણની સાથે જાહેરસેવામાં  પણ રસ હોઈ વઢવાણની શહેર સુધરાઈની ચૂંટણીમાં પોતાના વિસ્તારમાંથી ઊભા રહ્યા અને ચૂંટાયા હતા. આ દરમ્યાન(ઈ.સ. 1928) જ રાજ્યએ ‘સૌરાષ્ટ્રમિત્ર’ પર પ્રતિબંધ લાદતા તેના વિરોધમાં મોતીચોકમાં જનમેદની એકઠી થઈ હતી જેના મુખ્ય વક્તા તરીકે ચિમનભાઈ હતા. ઈ.સ. 1930માં સવિનય કાનૂનભંગ કે મીઠાના સત્યાગ્રહ વખતે ચિમનભાઈએ શાળામાંથી કામચલાઉ છૂટા થઈ સત્યાગ્રહમાં જોડાયા હતા જેમાં તેમણે વિરમગામની છાવણીનું નેતૃત્વ કરેલું હતું. લડતના બીજા તબક્કામાં એમની ધરપકડ થઈ જેના જેલવાસ દરમ્યાન જ તેમણે ક્ષયનો રોગ લાગુ પડ્યો હતો. આ પંદર માસની સજા પૂરી કરી ત્યાં સુધીમાં તેમની શારીરિક સ્થિતિ અત્યંત નબળી બની હતી બીમારી પણ વધી હતી જેથી કુલચંદભાઈના સમજવાથી પંચગીનીમાં હવાફેર માટે ગયા. જ્યાં તેઓને એડોલ્ફ જુસ્ટનું પુસ્તક ’રીટર્ન ટુ નેચર’ના વાંચન બાદ ડૉક્ટરી સારવારમાંથી શ્રદ્ધા ડગી ગઈ અને વઢવાણ પરત આવી ગયા.અહી તેમણે સૂર્યસ્નાન, કટીસ્નાન, પાણી-માટીના ઉપચાર, કાચા શાકભાજી-ફળ વગેરે કુદરતી ઉપચાર કર્યા જેથી તબિયત સુધરતા ફરી હરિજન શાળા શરૂ કરી સેવાકર્યાનો ફરી પ્રારંભ કર્યો હતો. જેમાં શ્રમને લીધે તબિયત બગડતાં પોરબંદર આશ્રમમાં ગયા છતાં તબિયતમા સુધારો ન આવતા ઋષિકેશ આશ્રમમાં ગયા જ્યાં તબિયતમાં સુધારો થતાં પરત ફર્યા હતા પણ થોડા સમયમાં ફરી ગળામાં દર્દ શરૂ થતાં બોલી શકતા નહીં માટે લેખનકાર્ય શરૂ કર્યું હતું. તેમના આ અજ્ઞાત નામે લેખિત તેંત્રીસ પત્રો પાછળથી પુપ્સ્તક સ્વરૂપે પ્રસિદ્ધ થયા હતા. ફરી ક્ષય એ ઊથલો મારતા આ વખતે તેઓ બહાર જવાના બદલે પોતાના વૃદ્ધ માતા-પિતા તથા વિધવા બહેન સાથે ગાળ્યા હતા. આમ, તેમણે 01/06/1940ના રોજ 44 વર્ષની યુવાનવયે પોતાનો દેહ ત્યાગ કર્યો હતો.

- **શિવાનંદજી સ્વામી**

તેમનો જન્મ લગભગ 1896માં વિજયા દશમીના શુભ દિને થયો હતો. તેમનું મૂળનામ શિવલાલ ચત્રભૂજ પરીખ હતું. ગાંધીજી તેમને શિવાજીના નામે સંબોધતા અને કુલચંદભાઈ એ તેમને શિવાનંદજી તરીકે સંબોધ્યા હતા. આમજનતામાં તેઓ પછીથી સ્વામીજી તરીકે પ્રસિદ્ધ થયા હતા. તેમના જીવન પર પિતાના પરમાર્થિક જીવનનો અને મોટા બહેનના ધાર્મિક જીવનની છાપ સૌથી વધારે પડેલી જણાય છે. એ સમયે જ્યારે જ્ઞાતિભેદ અને આભડછેટની ભાવના હતી ત્યારે તેઓ શેરીઓમાં બીજા બાળકો સાથે છૂટથી

રમતા હતા. અભ્યાસ બહુ સામાન્ય હોવા છતાં નાની ઉંમરમાં જ સ્વદેશીની ભાવના તેમનામાં જન્મી ચૂકી હતી. આ સ્વદેશી ભાવનાના ઉપલક્ષમાં તેઓ હંમેશા મિત્ર મંડળ સાથે રાષ્ટ્રીય અને ધાર્મિક વાતો કરતાં હતા. પિતાનું અવસાન થતાં અંગ્રેજી ત્રીજા ધોરણથી અભ્યાસ છોડ્યો હતો. પણ માતાના આગ્રહથી ફરી અભ્યાસ શરૂ કર્યો હતો. તેમને રામાયણ અને મહાભારતના વાંચનનો ઘણો શોખ હતો. આ દરમ્યાન મોતીભાઈ દરજીના ધર્મપુસ્તકાલયમાંથી 'સ્વામી રામતીર્થ' પુસ્તકનાં વાંચન બાદ સેવા પ્રવૃત્તિ, સત્ય, અંહિંસા, બ્રહ્મચર્ય વગેરે વ્રતોનું પાલન કરવાનો નિર્ણય કર્યો હતો. પરિવારની આર્થિક સ્થિતિ નબળી હોવાથી પંજાબમાં થોડો સમય નોકરી કરી હતી પણ ત્યાં ન ફાવતા વતન પરત ફર્યા હતા. પછીથી તેઓ મોતીભાઈ સાથે ગાંધીજીના સાબરમતી આશ્રમમાં સેવા કાર્યમાં જોડાયા હતા. ઈ.સ. 1919ના રોલેટ એક્ટના વિરોધમાં અમદાવાદમાં તોફાનો થયા હતા જેમાં તેઓએ વિનોબાજી અને કાકાસાહેબ સાથે ભાગ લીધો હતો. ઈ.સ. 1920માં માંદગીના કારણે વઢવાણ પરત આવ્યા હતા. પછી 1921 થી 1941 સુધી ફુલચંદભાઈ શાહ સાથે રાષ્ટ્રીય શાળાના કાર્યોમાં તથા રાષ્ટ્રીય આંદોલનમાં તેમનો(ફૂલચંદભાઈનો) જમણો હાથ બની ખભે ખભા મિલાવી કામ કર્યું હતું. ઈ.સ. 1924માં રાષ્ટ્રીયશાળામાં હરિજન બાળકોના પ્રવેશ સંદર્ભે ઉચ્ચવર્ગના લોકોએ પોતાના બાળકોને ઉઠાવી લીધા હતા તેવા સમયે શિવાનંદજીએ હરિજનવાસમાંથી બાળકોને લાવી ભણવવાનું શરૂ કર્યું હતું. ઈ.સ. 1928માં બારડોલી સત્યાગ્રહ વખતે તેઓએ વળોદ સ્વયં સેવકદળનું નેતૃત્વ કર્યું હતું. ઈ.સ. 1929ના ખાખરેચી સત્યાગ્રહ વખતે રાજ્યની દમનનીતિનો ભોગ બન્યા હતા. આ ઉપરાંત, ધ્રોળ, મોરબી અને ધ્રાંગધ્રા સત્યાગ્રહ વખતે ફૂલચંદભાઈના સાથીદાર તરીકે કાર્ય કર્યું હતું. ઈ.સ. 1930ના મીઠાના સત્યાગ્રહ વખતે વઢવાણની છાવણીનું સંચાલન કરતાં બે માસની રાજકોટ એજન્સીની જેલની સજા ભોગવી હતી. પછીથી મુંજપરમાં આશ્રમ શરૂ કર્યો હતો. આઝાદી પછીની ગિરસદારીના પ્રશ્ને શ્રમિક ખેડૂતોના પક્ષે કામ કર્યું હતું. જે બદલ તેમને જીવનનું જોખમ હતું છતાં ક્યારેય સુરક્ષા અંગે વિચાર્યું નહીં અને તા. 28/04/1951ના રોજ સાંજની પ્રાર્થના બાદ આશ્રમ બહાર આરામ કરી રહ્યા હતા કોઈ વ્યક્તિએ ગોળી મારી તેમની હત્યા કરી હતી. આ અંગે ઢેબરભાઈએ લખ્યું છે કે "તેઓ એક સૈનિક હતા અને એક સૈનિકની જેમ જ ગોળી જીલીને હસતાં હસતાં તેઓએ આ દુનિયામાંથી વિદાય લીધી છે".

- **પ્રાણજીવનભાઈ ભાઈશંકરભાઈ આચાર્ય**

તેમનો જન્મ વઢવાણમાં ઈ.સ. 1900માં થયો હતો. તેમણે ફુલચંદભાઈની અસર નીચે આવ્યા પછી અસહકારની ચળવળ વખતે વિરમગામની શિક્ષકની નોકરી છોડી રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં જોડાયા. 1932ની મીઠાની લડત વખતે ગોધરા સુધરાઈના

વહીવટકર્તા તરીકે હતા. તે નોકરીને તિલાંજલિ આપીને લડતમાં જોડાયા અને સાબરમતી તેમજ નાસિકમાં નવ માસ જેલવાસ ભોગવ્યો સાથે સાથે કુલચંદભાઈ સાથે રાષ્ટ્રીય શાળામાં કામ કર્યું. ઈ.સ. 1939માં મુંબઈમાં ચૂંટાયેલું પ્રધાનમંડળ આવતા તેમને ફરી કેળવણી નિરીક્ષક તરીકે ગોધરા નિયુક્ત કર્યા હતા. ત્યારબાદ વિરમગામ બ્લોકમાં પણ શિક્ષણ અધિકારી તરીકે કામ કર્યું હતું. ઈ.સ. 1955થી ‘ઘરશાળા’ નામે સંસ્થાનું સંચાલન કર્યું. વર્ષો સુધી ઉત્તમ શિક્ષક તેમજ ગૃહપતિ તરીકે સેવા બજાવી તે બદલ તત્કાલીન મંત્રી ઘનશ્યામભાઈ ઓઝાએ તેમનું તામ્રપત્ર આપી. સન્માન પણ કરેલું હતું તેઓએ પછાતવર્ગના બાળકોમાં રસ લઈને તેઓને સક્ષમ બનાવ્યા હતા. તા. 26/12/1985ના રોજ તેમનું નિધન થયું હતું ત્યાં સુધી તેમણે શિક્ષણકાર્ય કરતાં રહ્યા હતા.

આપણે જાણીએ છીએ કે રાષ્ટ્રીયશાળાનો જન્મ અસહકારના આંદોલનના ભાગરૂપે થયો હતો જેથી સ્વાભાવિક રીતે આ શાળાનો હેતુ મૂળભૂત રીતે લોકોમાં ખાસ વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય ભાવના કેળવવાનો હતો. વઢવાણની રાષ્ટ્રીય શાળાના સંચાલકો, શિક્ષકો રાષ્ટ્રીય ભાવના ધરાવતા હોઈ વિશિષ્ટ શૈલીથી શિક્ષણકાર્ય કરતા હતા જેથી વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય ભાવના વિકસે. અને તેથી અસહકારના આંદોલન સમયે સમગ્ર દેશમાં રાષ્ટ્રીય ભાવનાનું એક પ્રચંડ મોજું ફરી વળ્યું હતું. શાળા-કોલેજો જે બ્રિટીશ સરકાર કે દેશી રાજ્યો દ્વારા સંચાલિત હતી તેમાંથી વિદ્યાર્થી રાષ્ટ્રીય શિક્ષણ આપતી સંસ્થાઓ તરફ આકર્ષાયા હતા અને સરકારી શાળા- કોલેજો ખાલી થવા લાગી હતી. આ સમયે દરબારી શાળાના વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય શાળામાં આવવા લાગ્યા હતા. જે પ્રજામાં જાગૃત થયેલી રાષ્ટ્રીય ભાવનાનું પ્રતિબિંબ જ હતું.

- **વઢવાણની પ્રજામાં રાષ્ટ્રીય ભાવના કેળવવા માટે રાષ્ટ્રીય શાળાની પ્રવૃતિઓ:**
  - **રાષ્ટ્રીય વ્યક્તિઓના જન્મજયંતિની ઉજવણી:**

રાષ્ટ્રીયશાળાનું શિક્ષણ લોકજાગૃતિ પણ કરતુ હતું. જેમાં લોક પ્રતિનિધિત્વ વધારવા માટે રાષ્ટ્રીય અને ધાર્મિક ઉત્સવો પણ ઉજવવામાં આવતા હતા. આવા રાષ્ટ્રીય ઉત્સવોમાં શિવાજી જયંતિ, રાણા પ્રતાપ જયંતિ વગેરેનો સમાવેશ થતો હતો. જે ઉજવવા પાછળ પ્રજામાં તથા વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય ભાવના તથા શૂરવીરતાના ગુણો પ્રસ્થાપિત કરવાનો હેતુ રહેલો હતો. તા. 07/10/1923 ગાંધી જ્યંતિ નિમિતે હરિજન બાળકોને ભોજન કરાવ્યા બદલ શાળાના ભાવિને હાનિ જરૂર પહોંચી હતી પણ તેના થકી પછાતવર્ગના બાળકોને શાળામાં પ્રવેશ આપી સમાજમાં એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પણ પૂરું પાડ્યું હતું.

➢ **ભજન મંડળી અને પ્રભાતફેરી:**

આ ઉપરાંત લોકજાગૃતિને કેળવવા માટે રાષ્ટ્રીય શાળા દ્વારા એક ભજન મંડળી પણ તૈયાર કરવામાં આવી હતી જેના દ્વારા પ્રજા તથા વિદ્યાર્થીઓમાં આધ્યાત્મિકતા તેમજ લોકજાગૃતિ લાવી શકાય. રાષ્ટ્રીય શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ આ ભજન મંડળી દ્વારા ગામો ગામ ફરી પ્રભાતફેરી કરતા અને આ રીતે તેઓ લોકોમાં રાષ્ટ્રીય ભાવના તથા લોકજાગૃતિ લાવતા હતા. આ પ્રભાતફેરી વખતે ગાંધીજીને ગમતું "વૈષ્ણવજન તો તેને રે કહીએ...." ખાસ ગવાતું હતું.

➢ **વિવિધ ગીતો રચના અને ગાયન**

ફૂલચંદભાઈ શાહ શિક્ષણની પ્રવૃત્તિ સાથે રાષ્ટ્રીય રંગે રંગાયેલા અને લોકજાગૃતિ કેળવાય એવા ગીતોની રચના પણ કરતા હતા જે તેમની ગીતોની કવિત્વ શક્તિ ગણાવી શકાય. જે ગીતો શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા ગવાતા તેમજ અન્યો પાસે તેને ગવરાવવામાં પણ આવતા હતા. ગીતો દ્વારા તેની પાછળ રહેલી રાષ્ટ્રીય ભાવના અને સમાજ સુધારણાની ભાવનાને ઉજાગર કરવાનો પ્રયત્ન કરવામાં આવતો હતો. ફૂલચંદભાઈ દ્વારા મોતીભાઈની સવંત્સરી ઉજવણી વખતે સ્વરચિત ગીત પ્રસ્તુત કર્યું હતું. આ ગીતના બોલ હતા," ધન્ય તારું જીવતર મોતી હો, લાખવાર ધન્ય તારું જીવતર મોતી હો...., વઢવાણનો તું ત્યાગી તપસ્વી, વઢવાણનું પારખેલ મોતી....". અસ્પૃશ્યતા નિવારણની પ્રવૃત્તિને વેગ આપવા ગીતોની રચના કરી અને તે પણ શાળામાં ગવાતા હતા. જેમાં કેટલીક પંક્તિ અહી પ્રસ્તુત છે, "નથી ઉંચા-નીચા કોઈ માનવી રે, સૌ એક જ પ્રભુના બાળ..", "લાતો ને ગાળો હવે ખાવી નથી, નથી સહેવા પૂરા અપમાન રે,..". ઈ.સ. 1922માં નાગપુર ઝંડા સત્યાગ્રહ વખતે નાગપુરના અંજની સ્ટેશને ઉતારી સેન્ટ્રલ જેલ તરફ જતાં રસ્તામાં રાષ્ટ્રધ્વજ અંગેનું ગીત ઉપાડયું હતું કે, "નહિ નમશે, નહિ નમશે, નિશાન ભૂમિ ભારતનું....", તે છેક જેલ પ્રવેશ સુધી અવિરત ચાલુ રાખ્યું હતું. આ અંગે વઢવાણ ઉપરાંત સમગ્ર સૌરાષ્ટ્રમાં નાગપુર સત્યાગ્રહ અંગે તથા જેલના અનુભવ પ્રસ્તુત કરતા જોડકણા પણ રજૂ કર્યા હતા જેમ કે " નાગપુર ગ્યાતા રે જેલમંદિરે!, હસતાં હસતાં ગ્યાતા રે જેલમંદિરે,.................ઝાડા સાથે મરડો, તૂટી ગ્યો બરડો, કાચી રોટી કરડો રે, જેલમંદિરે". ફૂલચંદભાઈએ "અમે રોપ્યો સત્યાગ્રહ

માંડવો રે, નથી ભરવું સરકારી મહેસૂલ." જેવા ગીતો રચી બારડોલી સત્યાગ્રહનો માંડવો રોપ્યો હતો તો રામનારાયણ પાઠકે લોકોમાં વીરરસ કેળવવા અને લોકો નિર્ભય બને તેવા ગાયનો પ્રસ્તુત કર્યા હતા જેમ કે "અમે  ડરતા નથી કદી જુલ્મથી રે, ભલે કાયાના કટકા થાય, અમે ડરતા નથી.......". આમ, વિવિધ ગીતોની રચના અને પ્રસ્તુતિ દ્વારા લોકોમાં રાષ્ટ્રીય ભાવના કેળવવામાં આવતી હતી તો રામનારાયણ પાઠક જેવા વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય સત્યાગ્રહોમાં ભાગીદારી લઈ રાષ્ટ્રીય શાળાને રાષ્ટ્રીયકક્ષાએ પ્રખ્યાત કરી હતી એવું પણ ફલિત કરી શકાય.

- **ખાદી પ્રચાર ,અસ્પૃશ્યતા નિવારણ ,સમાજ ઉત્કર્ષની કામગીરી:**

રાષ્ટ્રીય શાળાના પ્રતિનિધિત્વ હેઠળ ફૂલચંદભાઈએ રાષ્ટ્રીય ભાવના સંલગ્ન ખાદી પ્રચાર, અસ્પૃશ્યતા નિવારણ, સમૂહ ભોજન જેવી પ્રવૃત્તિ દ્વારા સમાજ ઉત્કર્ષની કામગીરી પણ હાથ ધરી હતી. જેથી તેમણે દલિત બાળકોની શિક્ષણ પ્રત્યેની ધગશને જોઈ રાષ્ટ્રીય શાળામાં પ્રવેશ આપ્યો હતો જો કે તેનાથી શાળાને બંધ કરવી પડી હતી પણ એ દરમ્યાન મોટાભાગની પ્રજામાં એકતા અને રાષ્ટ્રીય ભાવના કેળવાયેલી આપણને મળતા આધારોથી જણાય છે. આ ઉપરાંત સરદાર પટેલ વઢવાણ કેમ્પમાં યોજાયેલ  સભામાં આવ્યા હતા એ સભામાં અશ્પૃશ્યો માટે બેસવાની અલગ વ્યવસ્થા હતી તેમની વચ્ચે જઈને સરદાર પટેલે ત્યાંથી પોતાની વાત રજૂ કરી હતી. એ પણ અસ્પૃશ્યો તરફ લોકોની દ્રષ્ટિ પરિવર્તન કરવાનું એક ઉત્કૃષ્ટ પગલું બન્યું હતું એવું રામનારાયણ પાઠક પોતાના ગ્રંથ સત્યાગ્રહી શહીદોમાં જણાવે છે.

- **વ્યસનમુક્તિ** :

ફૂલચંદભાઈએ રાષ્ટ્રીય પ્રવૃત્તિની સાથે સામાજિક સુધારણા પણ શરૂ કરી હતી. આ માટે સમાજમાં વ્યાપ્ત દારૂ, ચા અને પરદેશી કાપડનો બહિષ્કાર કરવો વગેરે ચળવળ શરૂ કરી હતી અને તેમની સર્જનાત્મક શક્તિ વધુ જાગૃત કરી હતી જે અંગે તેમણે વ્યસનો સામે લડવા પ્રેરણા આપતા ગીતોની રચના કરી હતી. જેનો પ્રભાવ રાજ્ય પર પડતાં ઈ.સ. 1922માં વ્યસનો નાબૂદ કરવા પ્રથમ ચાની હોટેલો બંધ કરવા માટે હુકમ કરવો પડ્યો હતો.

- **પ્રાદેશિક અને રાષ્ટ્રીય આંદોલનોમાં ભાગીદારી** :

આ રાષ્ટ્રીય શાળાની પ્રવુતિઓથી વઢવાણમાં ઘણી જ રાજકીય જાગૃતિ આવી હતી. આ રાષ્ટ્રીય શાળાના વિદ્યાર્થીઓ અસહકારના રચનાત્મક પાસામાં રહેલી

પ્રવૃતિઓ ખુબ સારી રીતે કરતા હતા. આ સાથે જે પણ દેશી રાજ્યોમાં સત્યાગ્રહને લગતા કાર્યક્રમો યોજાય તો તેમાં પણ ભાગ લેતા હતા. આ બાબતનું ઉત્કૃષ્ટ ઉદાહરણ ધ્રાંગધ્રા રાજ્ય દ્વારા ખાદી અને સ્વદેશી પ્રચાર વિરુદ્ધ મનાઈ હુકમ સામે આ શાળામાંથી જ કાર્યકરો અને વિદ્યાર્થીઓ ધ્રાંગધ્રામાં ખાદી અને સ્વદેશી પ્રચાર માટે ગયેલા તેમજ સત્યાગ્રહ પણ કરેલ જેમાં રાજ્ય દ્વારા અમાનુષી અત્યાચાર થયો હતો છતાં આ કામગીરી શરુ રાખી હતી.

આ રાષ્ટ્રીય શાળાએ રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં મહત્વનું યોગદાન આપેલ હતું. ફૂલચંદભાઈ શાહ, ચિમનભાઈ વૈષ્ણવ અને શિવાનંદજી સ્વામિની દેખરેખ હેઠળ રાષ્ટ્રીય શાળાના વિદ્યાર્થીઓમાં દેશાભિમાન, અન્યાય સામે પ્રતિકાર, ચારિત્ર્ય નિર્માણ વગેરે ગુણો ખીલ્યા હતા. નાગપુર ઝંડા સત્યાગ્રહમાં ફૂલચંદભાઈ અને શિવાનંદજી સાથે વિદ્યાર્થી રામનારાયણ પાઠકે(જે ગુજરાતી સાહિત્યજગતમાં દ્વિરેફ, શેષ વગેરે ઉપનામોથી ઓળખાય છે.) ભાગ લીધો હતો. આ સિવાય ધ્રાંગધ્રાની લોકલડત વખતે આ શાળાના બે વિદ્યાર્થીઓ પ્રાણલાલ વોરા અને ગીરધરલાલ શાહ ભાગ લઈ જેલની સજા ભોગવી હતી. વિરમગામ સત્યાગ્રહ વખતે વઢવાણમાં રાષ્ટ્રીય શાળા કાઠીયાવાડની છાવણી બનેલી જ્યાંથી 11-11ની સંખ્યાની 5 ટુકડીઓ મોકલવામાં આવતી હતી આ ઉપરાંત ફૂલચંદભાઈ શાહ દ્વારા ‘કાઠીયાવાડ સત્યાગ્રહદળ’ પણ બનવવામાં આવ્યું હતું તેમાં ઘણા વઢવાણના સત્યાગ્રહીઓ પણ જોડાયા હતા તથા વિદ્યાર્થીઓ પણ સભ્ય હતા કાઠીયાવાડ-ગુજરાતમાં જ્યાં પણ આંદોલન કરવાનું હોય તેની પૂર્વ યોજના આ દળ દ્વારા થતી તેના દ્વારા મોરબી સત્યાગ્રહ, રાજકોટ સત્યાગ્રહ, ધ્રોળ ઝંડા સત્યાગ્રહ, ધ્રાંગધ્રાની લોકલડત, વિરમગામ મીઠા સત્યાગ્રહ,વગેરે જેવા અનેક સત્યાગ્રહોમાં વઢવાણના અનેક સત્યાગ્રહીઓએ ભાગ લીધો હતો. આ સત્યાગ્રહોમાં વઢવાણની પ્રજાની ભાગીદારી જ દર્શાવે છે કે રાષ્ટ્રીયશાળાએ પ્રજામાં રાષ્ટ્રીય ભાવના કેળવવામાં મહદઅંશે સફળતા મેળવી હતી.

**3. સમાપન :**

આમ, દેશની અન્યાય સામેની લડતો માટે રાષ્ટ્રીય ભાવના ધરાવતો અને જાગૃત જનસમુદાય ઉભો થાય કે જેના દ્વારા વિદેશી સામ્રાજ્યની ચુંગાલમાંથી દેશને આઝાદી મળે એ બાબતને ધ્યાનમાં રાખી અસહકારની લડતના ભાગરૂપે નિર્માણ પામેલી રાષ્ટ્રીય શિક્ષણની સંસ્થાઓમાં શિક્ષણ સાથે વિદ્યાર્થીઓ તથા પ્રજાજનમાં રાષ્ટ્રીય ભાવના અને લોકજાગૃતિ આવે એવી પ્રવૃતિઓ શરુ થઈ. જેમાં વઢવાણની રાષ્ટ્રીય શાળાના શિક્ષકો તથા વિદ્યાથીઓએ પાયારૂપ કામગીરી કરી સ્થાનિક પ્રજામાં લોકજાગૃતિ કેળવી અને રાષ્ટ્રીય ભાવનાને સ્થાપિત કરી હતી. આ

રાષ્ટ્રીય શાળાના પાયારૂપ એવા ફૂલચંદભાઈ શાહ, શિવાનંદજી સ્વામી, ચિમનભાઈ વૈષ્ણવ વગેરે જેવા પ્રખર રાષ્ટ્રીય ભાવના ધરાવતા શિક્ષકો તથા રામનારાયણ પાઠક, પ્રાણલાલ વોરા, ગીરધરલાલ શાહ જેવા વિદ્યાર્થીઓએ લોકોમાં જાગૃતિ લાવવા તથા રાષ્ટ્રીય લડતોમાં ભાગ લઈ લોકોને પણ અન્યાય સામે લડવા પ્રેર્યા હતા. તેમજ આ રાષ્ટ્રીય શાળાએ દેશની આઝાદીની લડતમાં સ્થાનિક કક્ષાએથી ભાગ લીધો હતો તથા વઢવાણના અનેક યુવાનોએ પણ મહત્વનું કાર્ય કર્યું હતું. જે રાષ્ટ્રીયશાળાની પ્રવૃત્તિથી વઢવાણની પ્રજામાં લોકજાગૃતિ અને રાષ્ટ્રીય ભાવના કેળવાઈ હતી.

❖ **મુખ્ય શબ્દો:**

રાષ્ટ્રીય ભાવના ,પ્રભાતફેરી ,ભજન મંડળી ,પ્રાદેશિક લડતો ,રાષ્ટ્રીય ચળવળો , અસ્પૃશ્યતા નિવારણ ,ખાદી પ્રચાર.

**સંદર્ભો** :

૧. અરવિંદભાઈ આચાર્ય **સત્યાગ્રહના સંભારણા**, સુરેન્દ્રનગર, પ્રથમ આવૃત્તિ ૧૯૯૨

૨. અરવિંદભાઈ આચાર્ય, ભુપેન્દ્રભાઈ દવે, વિનુભાઈ ગાંધી(સંપા.), **વારુ શહેર વઢવાણ**, શ્રી વર્ધમાન, પ્રિન્ટીંગ અને પ્રકાશન સહકારી મંડળી લી., સુરેન્દ્રનગર, પ્રથમ આવૃત્તિ, માર્ચ ૨૦૧૦

૩. જયાબહેન શાહ **સૌરાષ્ટ્રના સ્વાતંત્ર્ય સૈનિકો અને લડતો**, રાજકોટ, પ્રથમ આવૃત્તિ, જાન્યુઆરી ૧૯૮૮

૪. મહેબૂબ દેસાઈ **સૌરાષ્ટ્રની સ્વાતંત્ર્ય ઝંખના**, અમદાવાદ પ્રથમ આવૃત્તિ, ૧૯૯૭

૫. મીનાક્ષી એન. જાની **સૌરાષ્ટ્રમાં શ્રી ફૂલચંદભાઈની રચનાત્મક પ્રવૃત્તિઓ અને તેમનું પ્રજાકીય લડતોમાં પ્રદાન**, એમ.ફિલ. લઘુશોધ નિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, ૧૯૯૦

૬. રામનારાયણ પાઠક **સત્યાગ્રહી શહીદો**, લોકોપયોગી સસ્તી ગ્રંથમાળા, વઢવાણસીટી, પ્રથમ આવૃત્તિ, ૧૯૫૫

૭. **વઢવાણ વિશેષાંક**, વઢવાણ મિત્રમંડળ પત્રિકા, મુંબઈ, નવેમ્બર ૨૦૦૦